# પ્રેસ નોંધ

## એશિયાઇ સિંહોના લેન્ડસ્કેપમાં એશિયાઇ સિંહોનું પૂનમ અવલોકન

**(05-06 જૂન, 2020)**

**પરિચય:** એકવાર લુપ્તતાના આરે ઉભેલ એશિયાઇ સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયેલ છે, જેની વૈશ્વિક સ્તરે સંરક્ષણમાં સફળતાની વાર્તા તરીકે પ્રશંસા કરવામાં આવી રહી છે, આઝાદી પછીના યુગમાં જૂનાગઢના પૂર્વ નવાબ અને ગુજરાત વન વિભાગ  દ્વારા સમયસર લીધેલ પગલાંના કારણે આ શકય બનેલ છે.

આજે એશિયાઇ સિંહો રક્ષિત વિસ્તારોમાં અને સૌરાષ્ટ્રના કૃષિ-પશુપાલન લેન્ડસ્કેપમાં ૩૦૦૦૦ ચોરસ કિ.મી. માં વિસ્તરેલા નવ જીલ્લાને આવરી લે છે જેને એશિયાઇ સિંહોના લેન્ડસ્કેપ તરીકે ઓળખવામાં આવે છે.


એશિયાઇ સિંહોની વસ્તી અને વિસ્તરણની સ્થિતિને સમજવી તેમના લાંબા ગાળાના સંરક્ષણ અને સંચાલન માટે અનિવાર્ય છે.

એશિયાઇ સિંહોનો વસ્તી અંદાજ પાંચ વર્ષના અંતરે કરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણત્રી મે 2015 માં હાથ ધરવામાં આવી હતી જેમાં સિંહોની સંખ્યા 523  હતી, જે 2010 ના અંદાજથી 27% વધી હતી.


15 મી એશિયાઇ સિંહોની વસ્તી ગણત્રી, 05-06 જૂન, 2020 દરમિયાન નક્કી કરવામાં આવેલ હતી, પરંતુ હાલની કોવિડ-19 પરિસ્થિતિને કારણે, તે યોજના મુજબ હાથ ધરી શકાયેલ નથી.

**પદ્ધતિ:** એશિયાઇ સિંહોના લેન્ડસ્કેપમાં એશિયાઇ સિંહોની વર્તમાન વસ્તીની સ્થિતિ અને વિસ્તરણની સમજ વિકસાવવા માટે, ગુજરાત વન વિભાગે, 05-06 જૂન, 2020 ના રોજ પૂનમ અવલોકન નામની એક કવાયત હાથ ધરી, જેને સીધી બીટ ચકાસણી તરીકે (બ્લોક કાઉન્ટ મેથડ) પણ ઓળખવામાં આવે છે. (આકૃતિ ૧)

આ કવાયતમાં લગભગ  1400 જેટલા કર્મચારીઓ દવારા તેમના વહીવટી અધિકારીઓની દેખરેખ હેઠળ તેર વહીવટી વિભાગમાં (આકૃતિ ૨) આ કવાયત હાથ ધરવામાં આવી હતી.




**આકૃતિ 1: ડાયરેક્ટ બીટ વેરિફિકેશન/ બ્લોક ગણતરી પદ્ધતિની સમજાવતી ફ્લો ચાર્ટ.**




**આકૃતિ 2**: એશિયાઇ સિંહોના પૂનમ અવલોકન (જૂન 2020) માટે એશિયાઇ સિંહ લેન્ડસ્કેપમાં વહીવટી એકમો.

**પૂનમ અવલોકનનું પરિણામ:** એશિયાટિક સિંહોની વસ્તીમાં, 2015 (૫૨૩ સિંહો) ની ૨૭% વૃદ્ધિની તુલનાએ ૨૮.૮૭% (અત્યાર સુધીનો સૌથી વધુ વૃદ્ધિદરમાંનો એક) ની વૃદ્ધિ સાથે ૬૭૪ સિંહો જોવા મળેલ છે.

સિંહોનું વિસ્તરણ 2015 માં 22000 ચો.કિ.મી. વિસ્તારમાં હતું જે વધીને 2020 માં 30000 ચો.કિ.મી. માં થઈ ગયું છે, આ રીતે વિસ્તરણ ક્ષેત્રમાં 36% નો વધારો થયો છે.


એશિયાઇ સિંહોની વસ્તી અને વિસ્તરણ ક્ષેત્રમાં ગુજરાત વન વિભાગ દ્વારા કરેલ અસરકારક સંરક્ષણ અને સંચાલનને લીધે સતત વધારો થયો છે.

એશિયાઇ સિંહોના લેન્ડસ્કેપમાં બહુવિધ વ્યૂહરચનાઓ અને હસ્તક્ષેપો (Intervention) કરવામાં આવેલ છે જેણે એશિયાઇ સિંહોના વર્તમાન સંરક્ષણની સફળતામાં મોટો ફાળો આપ્યો છે. લોકોની ભાગીદારી, આધુનિક તકનીકીનો ઉપયોગ, વન્યપ્રાણી આરોગ્ય સંભાળ (સીડીવી રસીની આયાત સહીતની) રહેઠાણનું સંચાલન, સિંહોના ખોરાકમાં આવતા તૃણભક્ષી પ્રાણીઓની સંખ્યામાં વધારો, માનવ-સિંહ સંઘર્ષ નિવારણ, વગેરે.

ગુજરાત સરકાર અને તેનો વન વિભાગ સિંહોના લાંબા ગાળાના સંરક્ષણ માટે સંવેદનશીલ અને પ્રતિબદ્ધ છે.

કોષ્ટક ૧: એશિયાઇ સિંહોના લેન્ડસ્કેપ (જૂન 2020) માં એશિયાટિક સિંહોની વસ્તી નું પૂનમ અવલોકન

| પુખ્ત | | પાઠડા | | | બચ્ચાં | કુલ |
|---|---|---|---|---|---|---|
| નર | માદા | નર | માદા | વણઓળખાયેલ | | |
| ૧૬૧ | ૨૬૦ | ૪૫ | ૪૯ | ૨૨ | ૧૩૭ | ૬૭૪ |




આકૃતિ 3: એશિયાઇ સિંહોની વસ્તી અને વિસ્તરણનું વલણ.

ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર